જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૯/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૩૦૦/૧૪**

### એક વર્ષ અગાઉ નરોડા વિસ્તારમાં બનેલ ખુનના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઘાતક હથિયારો જેમાં એક પિસ્ટલ, એકતમંચો, જીવતા કારતુસ નંગ-૮ તથા ધારદાર છરી સાથેપકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કિરણ પટેલની ટીમના પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરા નાઓ સ્કવૉડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હેડ કોન્સ.યોગેન્દ્રસિંહ દિલીપસિંહ તથા પો.કોન્સ. ઝમીર સમસુદ્દીન નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારેએક ઇસમ અમીત ઉર્ફે તોતડો S/O જાદવજીભાઇ ગજ્જર રહે.૧૫/૪૫૭, ઔડાના મકાનો ન્યુ સી.જી.રોડ ચાંદખેડા અમદાવાદ શહેર તથા ૪/૧૯, શંકરનગર સોસાયટી રબારી કોલોની અમરાઇવાડી અમદાવાદ મુળ વતન કાગવાદર તા.રાજુલા જિ.અમરેલી નાને એક પિસ્ટલ તથા તેના ૬ નંગ કારતુસ તથા એક દેશી બનાવટનો તમંચો તથા તેના જીવતા કારતુસ નંગ-૨ તથા એક ધારદાર છરી સાથે ઝડપી લઇ તે આ હથિયારો વડે કોઈ ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલાં આ ઈસમને પકડી પાડવામાં ક્રાઈમબ્રાંચને ખુબજ મોટી સફળતા સોંપડેલ છે. સદર ઇસમની પુછપરછ કરતાં આજથી એકાદ વર્ષ અગાઉ તેણે તેના મિત્ર કિરણ ઉર્ફે બુચીયો મગનભાઈ પટેલ રહે. ઠક્કરબાપા નગર નરોડા તથા બીજા સાગરીતો સાથે મળી પૈસાની લેવડ દેવડ બાબતે ઝઘડો કરી અતુલસોલંકીને તથા કેતન ઉર્ફે કમલેશ બંનેને છરીઓ વડે હુમલો કરી જીવલેણ ઈજાઓ કરેલ જેમાં અતુલ સોલંકીનું સ્થળ ઉપરજ મોત નિપજાવેલ જ્યારે કેતન ઉર્ફે કમલેશને ગંભીર ઈજાઓ કરી નાસી ગયેલ જે બાબતે નરોડા પોલીસ સ્ટેશનમાં ખુન તથા ખુનની કોશિષનો ગુનો દાખલ થયેલ છે. જે ગુનામાં પોતે નાસતો ફરતો હતો. અને આ વોન્ટેડ હતો તે દરમ્યાનમાં પૈસાની અછતના કારણે કોઈ મોટું સોપારી કીલીંગનું કે મોટી લુંટનું કામ પોતાને મળી જાય તે માટે અમુક ગુનેગારોનો સંપર્ક કરેલ હતો અને આવું કોઈ કામ મળે તો પોતાને અપાવવા જણાવેલ હતું અને પોલીસમાં પકડાઈ ન જાય તે સારૂં ચાંદખેડા ખાતે પિયુષ નામ ધારણ કરી પોતે રહેતો હતો

સદરીની ઘનિષ્ઠ પુછપરછ કરતાં તે ઉપરોક્ત ખુનના ગુનામાં નાસતો ફરતો હોય તે દરમ્યાન ફેબ્રુઆરી-૨૦૧૪ માંતેણે તેના સાગરિતો હિતેષ ઉર્ફે ચકો બારોટ રહે અમરાઈવાડી તથા પ્રવિણ ઉર્ફે હકલો રહે. બાપુનગર વાળો તથા બીજા અન્ય સાગરિતો સાથે મળી પુર્વયોજિત કાવતરૂં રચેલ જેમાં તેઓને પાંચ કરોડ જેટલી માતબર રકમ હાથ લાગશે તેવી હકીકત મળતાં તેઓ સ્કોર્પિયો ગાડીમાં બેસી સુરેન્દ્રનગરના થાનગઢ ખાતે એક વેપારીના ઘરે જઈ ઈંકમટેક્ષના અધિકારીઓ બની તમારા ઘરે રેડ કરવાની છે તેમ કહી ઘરમાંથી રોકડ રકમ તથા દાગીના મળી કુલ રુપિયા ૩,૧૬,૦૦૦/-ની માલ મત્તાની લુંટ કરેલ. જે બાબતે થાનગઢ પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૬/૨૦૧૪ થી ગુનો નોંધાયેલ હોય તે ગુનામાં પણ પકડાયેલ નથી અને નાસતો ફરે છે.

આ આરોપીનો ભુતકાળ જોતાં તે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની વિરુધ્ધમાં અમદાવાદ શહેરના જુદાજુદા પોલીસ સ્ટેશનોમાં ઝઘડો મારામારી, લુંટ, વાહન ચોરીઓ, પ્રોહિબિશન તથા હથિયાર સહિતના અસંખ્ય ગંભીર ગુનાઓ નોંધાયેલ છે જેમાં અમરાઈવાડી, ઘાટલોડીયા, રામોલ, ઓઢવ વિગેરે

પોલીસ સ્ટેશનોમાં ઝઘડો મારામારી, નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ૫૫ લાખની આંગડીયા લુંટમાં, વટવા તેમજ વેજલપુર પોલીસ સ્ટેશનમાં વાહન ચોરીમાં, મણિનગર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના ગુનામાં પકડાયેલ. જેમાં તેણે તેના સાગરિત સાથે મળી લુંટનું ખોટું તરકટ રચેલ હતું. તેમજ ક્રાઈમબ્રાંચમાં હથિયારના ગુનામાં પણ પકડાયેલ હતો. અને તે અગાઉ પાસા હેઠળ પણ સજા કાપી ચુકેલ છે.

આ આરોપી પાસેથી મળી આવેલ હથિયારો બાબતેઝીણવટભરી પુછપરછ કરતાં તે અગાઉ અસંખ્ય મારામારીના ગુનાઓમાં સંડોવાયેલ છે તેમજ નરોડા પોલીસ સ્ટેશનના ખુન તથા ખુનની કોશિશના ગુનામાં સંડોવાયેલ હોય જેમાં જે વ્યક્તિ અતુલ સોલંકીનું ખુન કરેલ તેનો ભાઈ હર્ષદ સોલંકી આ કેસમાં ફરિયાદી હોય અને કેતન પટેલ સાક્ષી હોય અને તેઓ આ કેસમાં સમાધાન કરતા ન હોય અને સમાધાનપેટે રુપિયા એક કરોડ માંગતા હોય તેના કારણે આ બંનેનું કાસળ કાઢી નાખવાનો મનસુબો રાખી આજથી બે માસ અગાઉ ઉતરપ્રદેશના ફૈઝાબાદ ખાતેથીઆ હથિયારો લાવેલ હોવાની હકીકત જણાવેલ છે. જેથી આ આરોપી આ હથિયારોથી આ ગુનાને પણ અંજામ આપે તે અગાઉ તેને પકડી પાડી ખુબજ મોટો ગંભીર ગુનો બનતાં અટકાવેલ છે. આ સિવાય તેણે અન્ય ગુનાઓ આચરેલ છે કે કેમ અને તે આ સિવાય બીજા કોઈ હથિયારો લાવેલ છે કે કેમ તેમજ આ હથિયારો મારફતે કોઈ ગુનો આચરેલ છે કે કેમ તે દિશામાં તપાસ ચાલું છે.

**<u>સેક્ટર.૨ સ્કોર્ડ નરોડા પોસ્ટેના ચીલઝડપના ગુનાના એક આરોપીને રુ.૩૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી મહારાષ્ટ્રના કોલસેવાડી પો.સ્ટે.ના બે ગુના સહિત છ ગુનાનો ભેદ ઉકલ્યો"</u>**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર.૨ અ'વાદ શહેર નાઓ તરફથી સુચના મળેલ કે, શહેરમાં મિલકત સબંધી ગુનાઓ વધવા પામેલ છે જેથી ચોર મુદ્દામાલનુ પગેરુ શોધી કાયદેસર કાર્યવાહી કરવી જે અનુસંધાને તા.૯.૯.૧૪ ના રોજ સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા હેકો મનોજકુમાર, હેકો પ્રહલાદસિહ, હેકો બળવંતભાઇ, હેકો જયેન્દ્રસિહ, હેકો સુરેશ શ્રીધરન તથા પોકો પ્રવિણસિહ એ રીતેના માણસો ચોર મુદ્દામાલનુ પગેરુ શોધવા સેક્ટર.૨ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ ખાનગી બાતમી હકિકત આધારે નરોડા ગેલેક્ષી સીનેમા પાસેથી **<u>સાગર સ/ઓ સુનીલભાઇ વલીરામ આહુજા (સીન્ધી) ઉવ.૧૯ રહે.અંબીકાનગરના છાપરા, નહેરુનગર, કુબેરનગર, અમદાવાદ</u>** નાનો ચાર મોબાઇલ ફોન સાથે મળી આવેલ હોય સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ ધરપકડ કરી રુ.૩૨,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર કાર્યવાહી કરી નરોડા પોલીસ સ્ટેશન સોંપલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન જાણવા મળેલ છે કે, ઉપરોક્ત મળી આવેલ મોબાઇલ ફોનો પૈકી એક મોબાઇલ ફોન પોતે તથા તેના સાગરીત **<u>કિશન ઉર્ફે ભોલુ પ્રતાપભાઇ ગારંગે રહે.રામદેવપીરના મંદીર પાસે, ડી વોર્ડ, કુબેરનગર, અમદાવાદ</u>**ની સાથે મળી આશરે ચાર માસ અગાઉ નરોડા પાટીયા સર્કલ પાસેથી એક મહિલા પાસેથી ચીલ ઝડપ કરી લુંટી લીધેલ હતો તેમજ ઉપરોક્ત બન્ને આરોપી ગણેશ ચતુર્થી વખતે મહારાષ્ટ્ર ગયેલ જ્યાં મુંબઇ પાસેના થાણાં જિલ્લામાં કલ્યાણ વિસ્તારમાંથી એક સોનાની ચેઇન તથા એક મંગળસુત્રની લુંટ કરેલ જે અંગે મહારાષ્ટ્રના કોલસેવાડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ છે.પકડાયેલ આરોપી છારા ગેંગનો સભ્ય છે અને નહી પકડાયેલ વોન્ટેડ આરોપી કિશન ઉર્ફે ભોલુ પ્રતાપભાઇ ગારંગે (છારા) નાનો પણ છારા ગેંગનો મોટો હિસ્ટ્રીશીટર છે અને આ આરોપી મહારાષ્ટ્રના કોલસેવાડી વિસ્તારમાં પણ પોતાનુ રહેણાંક મકાન ધરાવે છે તેવી ચોંકવનારી વિગતો તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે.

પકડાયેલ આરોપી તેના સાગરીત સાથે મળી એકલ દોકલ મહિલાને ટાર્ગેટ બનાવી બાઇક ઉપર પાછળથી આવી મોબાઇલ ફોન, સોનાની ચેઇન, તથા પર્સની લુંટ/ચીલ ઝડપ કરી નાસી જવાની એમ.ઓ. ધરાવે છે. તેમજ આ આરોપીઓ અગાઉ ક્રાઇમ બ્રાન્ચ તથા શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ચીલ ઝડપના ગુનાઓમાં પકડાયેલ છે

આમ સેકટર. ૨ સ્કોર્ડ નરોડા પોસ્ટેના ચોરીના ગુનાનો તથા મુંબઇના બે ગુના સહિત છ ગુનાનો ભેદ ઉકેલી આરોપીની ગુનામાં ગયેલ મોબાઇલ ફોન સાથે ધરપકડ કરી નરોડા પોલીસ સ્ટેશન સોંપેલ છે.

**<u>બાપુનગર પો.સ્ટે. :</u>**

બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૧૮૦/૧૪ ઈપીકો કલમ ૩૭૯ ૩૫૬ મુજબ ના કામા ના આરોપી અજય ઉર્ફે બાદશાહ ગોવિંદભાઈ પટેલ ઉ.વ.૩૨ રહે નવદીપ કોમ્પ્લેક્ષ ચામુંડા ડેરી ની બાજુમા હિરાવાડી સૌજપુર બોઘા અ'વાદ નાઓએ ફરીશ્રીનો માઈક્રોમેક્સ કંપનીનો મોબાઈલ જેનો I.M.EI. નં.9113550001926 જેની કિ.રૂ.૫૦૦૦/- ગણી શકાય ચોરી કરેલ હોય સદરી આરોપી તા.૦૯/૦૯/૧૪ ના ક:૧૧/30 વાગ્યા દરમ્યાન પકડાઈ આવતા પલ્સર મો.સા સાથે અટક કરેલ છે

**<u>વટવા પો.સ્ટે :</u>**

વટવા પોસ્ટે ફ.ગુ.ર.નં ૨૫/૧૩ ઇપીકો કલમ ૩૭૯,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૪૧૧,૧૧૪ મુજબના કામના આરોપીઓ (૧) મેરાભાઈ મૈયાભાઈ ગમારા ભરવાડ ઉવ-૩૩ રહે- જાનીયા પીરનો ટેકરો પાસે વનઝારાવાસ વટવા અ'વાદ (૨) શબ્બીરભાઈ સુલેમાન પરમાર ઉવ-૩૫ રહે- રાજકોટ પોપટપરા માઉન્ટ પોલીસ લાઈન આગળ ૫૩ વરીયા ક્વાટર્સ શેરી નં-૧ કબ્રસ્થાન ની પાસે રાજકોટ નાને ઉપરોક્ત ગુનાના કામે તા.૦૯/૦૯/૨૦૧૪ ના કલાક ૧૮.૩૦ વાગે પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી એ.જે.ચૌધરી નાઓએ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.હાલમાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.